## ACKNOWLEDGEMENT

We sincerely express our gratitude to **“Teerthdham Manglayatan”** from where we have sourced **“Badhte Charan Senior K.G”**.

**“Teerthdham Manglayatan”** have taken due care, However, if you find any error, for which we request all the reader to kindly inform us at info@vitragvani.com or to Info@Manglayatan.com **“Teerthdham Manglayatan”**



આપણા જીવનશિલ્પી
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રી
કાનજીસ્વામીના
કરકમળોમાં સવિનય સમર્પિત.

અમે છીએ આપના
નાના નાના જ્ઞાયક




# વીર બાળક

અમે વીર પ્રભુના સંતાન
છીએ તૈયાર, છીએ તૈયાર...
જિનશાસનની સેવા કરવા
છીએ તૈયાર, છીએ તૈયાર...
અરહંત પ્રભુની સેવા કરવા
છીએ તૈયાર, છીએ તૈયાર...
સિદ્ધ પદનું સ્વરાજ લેવા
છીએ તૈયાર, છીએ તૈયાર...
જ્ઞાની ગુરુની સેવા કરવા
છીએ તૈયાર, છીએ તૈયાર...
સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા
છીએ તૈયાર, છીએ તૈયાર...


3



# ચાર મંગલ



ચત્તારિ મંગલં, અરહંતા મંગલં,
સિદ્ધા મંગલં, સાહૂ મંગલં,
કેવલિપણણત્તો ધમ્મો મંગલં.






૪



# ચાર ઉત્તમ



ચત્તારિ લોગુત્તમા,
અરહંતા લોગુત્તમા,
સિદ્ધા લોગુત્તમા,
સાહૂ લોગુત્તમા,
કેવલિપણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.





૫

# ચાર શરણ





ચત્તારિ સરણં પવ્વજ્જામિ,
અરહંતે સરણં પવ્વજ્જામિ,
સિદ્ધે સરણં પવ્વજ્જામિ,
સાહૂ સરણં પવ્વજ્જામિ,
કેવલિપણ્ણત્તં ધમ્મં સરણં પવ્વજ્જામિ.









# તીર્થંકરના ચિહ્નો



૧. શ્રીઋષભનાથ
ચિહ્ન : બળદ



૨. શ્રીઅજિતનાથ
ચિહ્ન : હાથી



૩. શ્રીસંભવનાથ
ચિહ્ન : ઘોડો





૪. શ્રીઅભિનંદનનાથ
ચિહ્ન : વાંદરો



૫. શ્રીસુમતિનાથ
ચિહ્ન : ચકવો



૬. શ્રી પદ્મપ્રભજી
ચિહ્ન : કમળ



તીર્થકરના ચિહ્નો



૭. શ્રીસુપાર્શ્વનાથ
ચિહ્ન : સ્વસ્તિક





૮. શ્રીચંદ્રપ્રભ
ચિહ્ન : ચંદ્રમા

૯. શ્રીપુષ્પદંત
ચિહ્ન : મગર







૧૦. શ્રીશીતલનાથ
ચિહ્ન : કલ્પવૃક્ષ

૧૧. શ્રીશ્રેયાંસનાથ
ચિહ્ન : ગેંડો





૧૨. શ્રીવાસુપૂજ્ય
ચિહ્ન : પાડો

# તીર્થકરના ચિહ્નો

૧૩. શ્રીવિમલનાથ
ચિહ્ન : ડુક્કર



૧૪. શ્રીઅનંતનાથ
ચિહ્ન : શાહૂડી



૧૫. શ્રીધર્મનાથ
ચિહ્ન : વજ્રદંડ







૧૬. શ્રીશાંતિનાથ
ચિહ્ન : હરણ

૧૭. શ્રીકુંથુનાથ
ચિહ્ન : બકરો





૧૮. શ્રીઅરનાથ
ચિહ્ન : માછલી

તીર્થંકરના ચિહ્નો

૧૯. શ્રીમલ્લિનાથ
ચિહ્ન : કળશ





૨૦. શ્રીમુનિસુવ્રતનાથ
ચિહ્ન : કાચબો

૨૧. શ્રીનમિનાથ
ચિહ્ન : નીલકમલ







૨૨. શ્રીનેમિનાથ
ચિહ્ન : શંખ

૨૩. શ્રીપાર્શ્વનાથ
ચિહ્ન : સર્પ





૨૪. શ્રીમહાવીરસ્વામી
ચિહ્ન : સિંહ

# અમારો સંકલ્પ

સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીશું, સપ્ત ભયોથી નહિ ડરીશું,
સપ્તતત્ત્વનું જ્ઞાન કરીશું, જીવ-અજીવ ઓળખાણ કરીશું.
સ્વ-પર ભેદવિજ્ઞાન કરીશું, નિજાનંદ રસપાન કરીશું,
પંચ પ્રભુનું ધ્યાન ધરીશું, ગુરુજનનું સન્માન કરીશું.
જિનવાણીનું શ્રવણ કરીશું, પઠન કરીશું, મનન કરીશું,
રાત્રિભોજન નહિ કરીશું, અણગાળેલું પાણી ન પીશું,
નિજ સ્વભાવને પ્રાપ્ત કરીશું, મોહ ભાવનો નાશ કરીશું,
રાગ-દ્વેષનો ત્યાગ કરીશું, ભક્ત નહિ ભગવાન બનીશું.



૧૧

# આપણા દેવ



અરહંત તથા સિદ્ધ આપણા દેવ છે.

સીમંધર ભગવાન અરહંત છે. મહાવીર ભગવાન સિદ્ધ છે.


અરહંત તથા સિદ્ધ પ્રભુ, રાગ-દ્વેષ અને જન્મ-મરણ આદિ
સર્વ દોષોથી રહિત છે.

આપણે રોજ ભગવાનના દર્શન કરવા જોઈએ.

# ૧૨ શાસ્ત્ર અર્થાત્ જિનવાણી



આ એક શાસ્ત્ર છે. શાસ્ત્ર આપણા આચાર્યો દ્વારા રચિત હોય છે.
મોહ-રાગ-દ્વેષને દૂર કરવાનો તેમાં ઉપદેશ છે.
મોહ-રાગ-દ્વેષ શીખડાવે તેવા પુસ્તકને શાસ્ત્ર કહેવાય નહિ.
આપણે રોજ શાસ્ત્ર સ્વાધ્યાય કરવો જોઈએ.



## ૧૩

# આપણા ગુરુ

આ મુનિરાજ છે. મુનિરાજ નગ્ન દિગંબર જ હોય છે.
મુનિરાજ વનમાં રહે છે અને આત્માનું ધ્યાન કરે છે.
આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ – આ ત્રણે મુનિરાજ
આપણા ગુરુ છે. આવા મુનિરાજને હું વંદન કરું છું.


૧૪
સંસ્કારી બાળકો
પઢેંગે લિખેંગે,
કરેંગે અચ્છા કામ;
ધર્મ મેં ભી હમ,
કરેંગે ઊંચા નામ.
સુબહ જલ્દી ઉઠના,
ઔર કરના પ્રભુ ધ્યાન;
પંચ પરમેષ્ઠી કો,
કરના પ્રણામ.



મારું કહ્યું તારે માનવું પડશે.
હું તને ખુબ મારીશ.
બોલો બાળકો ! હું કોણ છું ?

## ક્રોધ, ક્રોધ, ક્રોધ !

ક્રોધ કરવાથી વિવેકનો નાશ થાય છે.
માટે ક્રોધ ક્યારેય ન કરવો.

# ચાર કષાય

હું રાજા છું. મારો બધા ઉપર અધિકાર છે.
હું બધું જાણું છું.
બોલો બાળકો ! હું કોણ છું ?

## માન, માન, માન !

માન દુર્ગતિનું કારણ છે.
માટે માન ક્યારેય ન કરવું.





હું ભોળા માણસોને છેતરુ છું.
હું મમ્મી પાસે ખોટુ બોલું છું.
બોલો બાળકો ! હું કોણ છું ?

## માયા, માયા, માયા !

માયા કરવાથી વિશ્વાસનો નાશ થાય છે.
માયાચારીનું ફળ પશુગતિ છે.
માટે માયાચારી ક્યારેય નહિ કરવી.

હું ખુબ પૈસા કમાઈશ.
ગાડી, બંગલા બનાવીશ.
બોલો બાળકો ! હું કોણ છું ?

## લોભ, લોભ, લોભ !

લોભ એ સર્વ પાપનું મૂળ છે.
લોભી સદા દુઃખી રહે છે.
માટે લોભ ક્યારેય નહિ કરવો.



# હાય-હલ્લો છોડો... ૧૭ જય જિનેન્દ્ર બોલો...

સુબહ ઊઠે મમ્મી સે બોલે હમ, જય જિનેન્દ્ર જય જિનેન્દ્ર...
પાપા સે ભી સુબહ બોલે હમ, જય જિનેન્દ્ર જય જિનેન્દ્ર...
દાદા સે દાદી સે બોલે હમ, જય જિનેન્દ્ર જય જિનેન્દ્ર...
દીદી સે ભૈયા સે બોલે હમ, જય જિનેન્દ્ર જય જિનેન્દ્ર...
ચાવલ લે મંદિર મેં આયે, પંડિતજી કો દેખકર બોલે હમ
જય જિનેન્દ્ર જય જિનેન્દ્ર...
પુસ્તક લે પાઠશાલા આયે, દીદીજી કો દેખકર બોલે હમ
જય જિનેન્દ્ર જય જિનેન્દ્ર, જય જિનેન્દ્ર જય જિનેન્દ્ર.



૧૮

# એક હતી બિલાડી

એક દિવસ રાજુને રસ્તામાં એક બિલાડી મળે છે.
રાજુ તેને પૂછે છે, અરે...! બિલાડી તને આવું શરીર કેમ મળ્યું ?
બિલાડી કહે છે, શું કહું રાજુભાઈ ? મેં પહેલાંના ભવમાં ખૂબ માયાચારી કરી છે.
ઘણા અત્યાચાર કર્યા છે. એટલે આવું શરીર મળ્યું છે.
રાજુ કહે છે, હવે આવા પરિણામ કરીશ નહિ. સરળ પરિણામ રાખીને
મનુષ્યભવ પ્રાપ્ત કરજે અને દેવ-શાસ્ત્ર-ગુરુને પામીને આત્મહિત સાધજે.
પ્રિય બાળકો, માયાચારીના ફળમાં પશુગતિ મળે છે અને પશુગતિમાં અનેક
પ્રકારના દુઃખ ભોગવવા પડે છે. માટે ક્યારેય માયાચારી કરવી નહિ.




૧૯

# બોલો બાળકો...

તમે કોણ છો ? – જીવ, જીવ, જીવ.
તમારામાં શું છે ? – જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન.
તમારું કામ શું છે ? – જાણવું, જાણવું, જાણવું.
શરીર કોણ છે ? – અજીવ, અજીવ, અજીવ.
શરીરમાં જ્ઞાન છે ? – ના, ના, ના.
શરીર કંઈ જાણે છે ? – ના, ના, ના.
શરીર અને તમે એક છો ? – ના, ના, ના.
તમે અને શરીર જુદા છો ? – હા, હા, હા.



## ૨૦

# સારી શિખામણ



પંચ પરમેષ્ઠીને ક્યારેય ભૂલવા નહિ.
રોજ સવારે ઊઠીને તેમનું સ્મરણ કરવું.
હિંસા ક્યારેય કરવી નહિ.
ગુરુજનોનો હંમેશાં વિનય કરવો.
રોજ દેવદર્શન અને પૂજન કરવા.
જિનવાણીનો હંમેશાં સ્વાધ્યાય કરવો.
ચાર કષાયોનો ત્યાગ કરવો.